**પેમેન્ટ ઓફ વેજીસ અરજી નંબર – ૧૮૫/૨૦૧૯**

**–:: આંક– ૨ ની અરજી અન્વયે હુકમ ::–**

**(૧)** અરજદાર તરફે હાલની અરજી માં તેની આંક - ૦૧ ની અરજીની હકીકતો દોહરાવેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા શીડયુલ મુજબના કામદારોની શીડયુલમાં જણાવેલ મુજબ બાકી લેણી રકમ ચુકવી આપ્યા વગર તેઓની સંસ્થામાંથી સર-સામાન, સાધન-સામગ્રી ધીમે ધીમે સંસ્થાની બહાર લઇ જવાની તથા વેચી દેવાની પેરવી કરી રહ્યા હોય તથા આપ નામદાર કોર્ટની હકુમતની બહાર લઇ જવાની પેરવી કરી રહ્યા છે અને અન્ય ગ્રાહીત વ્યકિતઓને સંસ્થામાં લાવી બતાવી વેચાણ કીમત નકકી કરેલ છે આમ સામાવાળા સંસ્થા બંધ કરી દુકાન અને તેમા આવેલ સર-સામાન અને સાધન સામગ્રી વેચવાની પેરવી કરી રહ્યા છે. સદર કામદારોની બાકી લેણી રકમ ચુકવી આપ્યા વગર સામાવાળા સંસ્થા બંધ કરી દેશે તથા માલ સામાન વેચી દેશે અગર અન્ય કોઇને ગીરો કે બક્ષીસ આપી દેશે કે અન્ય કોઇને ટ્રાન્સફર કરી દેશે યા આપ નામદાર અદાલતની હકુમતથી દુર તબદીલ કરશે તો ભવીષ્યમાં સદર કામદારોની લેણી રકમ વસુલ કરવા માટે અનેક દાવા દુવીમાં ઉતરવું પડે તેમ છે તથા તેવાં નાણાં મેળવવા ગંભીર મુશ્કેલી ઉભી થાય તેમ છે. અને ઘણું આર્થીક ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે તેથી આ કામના સામાવાળાની નીચે જણાવ્યા મુજબની દુકાન અને તેમા આવેલ સર-સામાન અને સાધન સમાગ્રી એટેચ કરી જપ્ત કરવા તથા બેંક ગેરંટી આપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

**(૨)** સદર કામે સામવાળા તરફે કોઇ હાજર ન રહેતા અરજદાર તરફે આંક - ૧૫ થી અરજી આપતા તે અરજી અન્વયે જે તે સમય ના પ્રીસાઇડીગ ઓફીસર શ્રી દ્રારા હુકમ કરી સામાવાળાનો જવાબ નો હકકબંધ કરેલા નુ રેકર્ડ જોતા જણાય આવે છે.

**(૩)** અરજદાર તરફે વિ.પ્રતિનિધિશ્રી દ્વારા તેની મૌખિક દલીલમાં અરજીમાં જણાવેલ હકીકતો દોહરાવેલ હોય, અને અરજીમાં જણાવેલ કારણોસર લક્ષમાં લઈ હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**(૪)** ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા હાલની અરજીનાં નિર્ણય સારુ નીચે મુજબના મુદા ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

## :: <u>મુદ્દા</u> ::

**૧.** શું અરજદાર પેમેન્ટ ઓફ વેજીસ એકટ–૧૯૩૬ ની કલમ ૧૭–એ અન્વયે સામાવાળાની મિલ્કતનું એટેચમેન્ટ મેળવવા હકકદાર છે ?

**૨.** શું હુકમ ?

## :: <u>જવાબ</u> ::

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

## :: <u>કારણો</u> ::

**મુદા નંબર :– ૧**

(૫) અરજદાર તરફે હાલની અરજી પેમેન્ટ ઓફ વેજીસ એકટ ની કલમ ૧૭–એ અન્વયે સામાવાળાની મિલ્કતનું એટેચમેન્ટ મેળવવા કરેલ હોય જે સંદર્ભે સદર કામે જોઈએ તો, સદર કામે અરજદાર ઘ્વારા હાલની અરજીમાં જણાવેલ મીલકત ખરેખર સામાવાળાની માલીકીની જ છે તે સંદર્ભેનો કોઈ પ્રથમ દર્શનીય દસ્તાવેજી પુરાવો અરજદાર તરફે રજુ કરેલ હોય તેવું જણાય આવતું નથી. તેમજ અરજદાર ઘ્વારા જે સમયગાળાની આક્ષેપીત રકમની માંગણી કરેલ છે તે સમયગાળો ઘ્યાને લેતા તેમજ ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટની કલમ–૧૫ (૨) ના " Provided " હાલના તબકકે વંચાણે લેતા સામાવાળા ઘ્વારા કહેવાતા સમયગાળા દરમ્યાન અરજદાર ઘ્વારા જણાવેલ મીલકત અરજદારના કહેવા મુજબ તેની લેણી નીકળતી રકમ ન ચુકવવી પડે તે કારણોસર મીલકત મશીનરી વેચી નાખે કે રફેદફે કરી નાખે કે ટ્રાન્સફર કે અન્ય ત્રાહીત વ્યકિતને સોપી દેવાનો પ્રયત્ન કરેલ હોય કે હાલના સમયમાં મીલકત મશીનરી વેચી નાખે કે રફેદફે કરી નાખે કે ટ્રાન્સફર કે અન્ય ત્રાહીત વ્યકિતને સોપી દેવાનો પ્રયત્ન કરેલ હોય તે સંદર્ભેનો તેમજ અરજદાર દ્રારા સદર કામે સામાવાળા તરીકે ત્રણ જણા બતાવેલ હોય તે પૈકી કહેવાતી મીલકત ખરેખર કોની માલીકીની છે તે સદર્ભે નો પણ કોઈ પ્રથમ દર્શનીય પુરાવો અરજદાર તરફે હાલના તબકકે રજુ કરેલ હોય તેવું રેકર્ડ જોતા જણાય આવતું નથી તેમજ અરજદારની અરજી લક્ષ માં લેતા અરજદાર ઘ્વારા માત્ર અનુમાન ને આધારે હાલની અરજી કરેલાનુ જણાય આવતુ હોય. તેમજ ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટની

કલમ–૧૫ (૨) ના ''Provided'' હાલના તબકકે વંચાણે લેતા તેમજ અરજદાર ધ્વારા કરેલ હાલની અરજી સંદર્ભે કોઈ પ્રાઈમાફેસી કેસ હોવાનુ જણાય આવતુ નથી.

આમ ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા અરજદાર તરફે હાલના તબકકે પ્રથમ દર્શનીય રીતે સામાવાળા ધ્વારા અરજદારના કહેવા મુજબની મીલકત મશીનરી વેચી નાખે કે રફેદફે કરી નાખે કે ટ્રાન્સફર કે અન્ય ત્રાહીત વ્યકિતને સોપી દેવાનો પ્રયત્ન ખરેખર કરેલ હોય તેવું રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય તેમજ ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટની કલમ–૧૫ (૨) ના ''Provided'' વંચાણે લેતા સામાવાળા તરફે હાજર થઇ કોઇ જવાબ વાધા રજુ કરેલ ન હોય તે જ કારણોસર હાલની અરજી મંજુર કરવી ન્યાય ઉચીત જણાતુ ન હોય, તેમજ સદર કામે પક્ષકારોનો પુરાવો રજુ થવાનો બાકી હોય અરજદાર ધ્વારા કરેલ હાલની અરજી સંદર્ભે કોઈ પ્રાઈમાફેસી કેસ જણાતો ન હોય હાલની અરજી મંજુર કરવી ન્યાયઉચિત જણાતું ન હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

**(૧) અરજદારની હાલની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**(૨) પક્ષકારોએ પોત–પોતાનો ખર્ચ જાતે ભોગવવો.**

**હુકમ આજરોજ તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ જાહેર કર્યો.**

**તારીખ: ૧૮/૦૨/૨૦૨૫**

**સુરત.**

**(હાર્દીક દીલીપભાઈ રાજપુરા)**
**ઓથોરીટી,**
**વેતન ચુકવણી અધીનીયમ,**
**મજુર અદાલત નંબર (૫),**
**સુરત.**
**(CODE NO.GJO1291)**